બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# આવજો ફારૂન રાજા



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Lyn Doerksen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.



ફારૂન ગુસ્સે ભરાયો! ઈશ્વરે
તેને મૂસા દ્વારા આજ્ઞા આપી
હતી કે તે ઈસ્રાએલ ગુલામોને
મિસરમાંથી જવા દે. પણ
તેણે તેનો નકાર કર્યો.

“તેમની પાસે વધારે કામ
કરાવો.” ફારૂન રાજાએ
ગુલામના મુકદ્દમોને હુકમ
કર્યો. હવે ઈસ્રાએલપુત્રો
માટે પરિસ્થિતિ વધારે
ખરાબ બની ચૂકી હતી.



"હવે તમારે જાતે પરાળ શોધી લાવવાનું છે, હું તે તમને આપનાર નથી. છતાં પણ તમારે પહેલાની જેટલી ઈંટો પાળવાની છે." નવા હુકમના આ શબ્દો હતાં.




ગુલામના કામ કરાવનાર મુકાદમો
તેમને ચાબુકથી મારતા કારણ કે
તેઓની પાસે પરાળ શોધવા માટે
સમય નહોતો, છતાં પણ તેમને
એટલી જ સંખ્યામાં ઈંટો પાળવી
પડતી હતી.



લોકોએ આ વિટંબણા
માટે મુસા અને હારૂનને
જવાબદાર ઠરાવ્યા.
મુસાએ પ્રાર્થના કરવા
માટે એક જગ્યા શોધી
લીધી. “હે દેવ યહોવા”
તેણે મોટે ઘાંટે પ્રાર્થના
કરી. “તમે તમારા
લોકોનો છૂટકારો કર્યો
નથી.” “હું તમારો દેવ
યહોવા છું. હું તમને બહાર
કાઢી લઈ જઈશ.”
ઈશ્વરે જવાબ આપ્યો.

ત્યારબાદ મુસા અને હારૂનને
ફારૂન રાજા પાસે મોકલ્યા.
જ્યારે ત્યાંના બીજા
રાજ્યક્તાઓ ઈશ્વરના
લોકો પાસે ઈશ્વર દ્વારા
આપવામાં આવેલ
ચિહ્નની માંગણી કરી.



ત્યારે હારૂનની લાકડી
ડરામણા સાપની બની ગઈ.



“મારા જાદૂગરોને બોલાવો”
ફારૂન ઘૂરક્યો. જ્યારે મિસરી
જાદુગરોએ પોતાની લાકડીઓ
નાખી અને તે પણ સાપ બની
ગયા. પણ હારૂનની લાકડી
બીજાઓની લાકડીના બનેલા
સાપોને ગળી ગઈ. છતાં પણ
ફારૂનને પોતાનું મન હઠીલું
કરીને ઈસ્રાએલના લોકોને જવા
દીધા નહિં.

બીજા દિવસે મુસા અને હારૂન ફારૂન રાજાને નદીની પાસે મળ્યા. જ્યારે હારૂને પોતાની લાકડી નદી તરફ ધરી રાખી ત્યારે ઈશ્વરે ત્યાંના પાણીને લોહી બનાવી દીધા. માછલા મરી ગયા.



છતાં પણ ફારુને પોતાનું હૃદય હઠીલું કર્યું. હજુ તે ઈસ્રાએલના લોકોને મિસર છોડી જવા દેવા માંગતો ન હતો.





ફરી મુસાએ ફારૂનને
કહ્યું કે મારા લોકને
જવા દે. ફારૂન રાજાએ
તેનો નકાર કર્યો. ઈશ્વરે
બીજો નવો એક અનર્થ
મોકલ્યો. આખું મિસર
દેડકાઓથી ભરાઈ
ગયું. દરેક ઘરમાં, દરેક
ઓરડામાં, ખાવાનું
બનાવવાના વાસણોમાં
દેડકા દોડવા લાગ્યાં.



“મારા માટે પ્રાર્થના કરો
કે ઈશ્વર આ દેડકાંને
પાછા મોકલી દે,”
ફારુને વિનંતી કરી.
“અને ત્યારબાદ હું તારા
લોકને જવા દઈશ.”
પણ જ્યારે દેડકાં જતાં
રહ્યાં. ફારુને તેનું મન
બદલી નાંખ્યું. જે
ગુલામોને જવા દેવા
માંગતો ન હતો.

ત્યારે ઈશ્વરે અસંખ્ય જુઓ મોકલી. દરેક વ્યક્તિ અને પશું તેના ડંખથી ખંજવાળવા માંડ્યાં પણ ફારુન ઈશ્વરને આધિન થવા માંગતો ન હતો.





ત્યારબાદ ઈશ્વરે માખીઓના ટોળા
મોકલ્યા. ઈશ્વરે એક એવો રોગ
મોકલ્યો મિસરીઓના ઢોરઢાંક મરી
ગયા. ઈશ્વરે દુ:ખદાયક ગૂમડા
મોકલ્યા. લોકો ખૂબ જ ખરાબ
રીતે હેરાન થયા. છતાંપણ
ફારૂન ઈશ્વરની વિરૂધ્ધ થયો.





ગમુડાના અનર્થ પછી
ઈશ્વરે તીડોના ટોળા
મોકલ્યા. ત્યાંની સઘળી
વનસ્પતિ ખાઈ ગયા.



ત્યારબાદ ઈશ્વરે ત્રણ
દિવસ માટે ઘોર અંધકાર
મોકલ્યો. પણ ફારુન
રાજા હજૂએ હઠીલો રહ્યો
અને ઈસ્રાએલીઓને
મુક્ત કર્યા નહોતા.

“હવે પછી હું એક બીજો
અનર્થ મોકલનાર છું.”
ઈશ્વરે ચેતવણી આપી.
“લગભગ મધરાત્રે
માણસના તથા પશુઓના
જ્યેષ્ઠ પુત્રો તથા પ્રાણીઓ
મરી જશે.” ઈશ્વરે કહ્યું
જો તેઓ પોતાના
બારણાની બારસાખો
પર હલવાનનું લોહી
લગાવશે તો ઈસ્રાએલના
સર્વ જ્યેષ્ઠ પુત્રો તથા
પ્રાણીઓ બચી જશે.





મધરાતે આખા મિસરમાં ભારે
વિલાપ સંભળાયો. મરણે હુમલો
કર્યો હતો. દરેક કુટુંબમાં લગભગ
એક વ્યક્તિ તો મર્યું જ હતું.



"નીકળી જાઓ," ફારુને મુસાને વિનવણી કરી. "જાઓ અને તમારા દેવ યહોવાહની સેવા કરો." ઝડપથી તેઓ મિસરની સરહદમાંથી નીકળી ગયા.



ઈશ્વરે મુસાને કહ્યું કે, તમારે આ
પાસ્ખાપર્વની રાત્રી યાદ રાખવાની છે કારણ કે
તે રાત્રે ઈશ્વરનો દૂત ઈસ્રાએલ લોકોની છાવણીઓમાંથી પસાર
થયો અને ફારૂન અને તેના લોકોને મારી નાંખ્યા.



મિસરમાં ૪૩૦ વર્ષ રહ્યા પછી ઈશ્વરના લોકો છૂટકારો પામ્યા હતાં. ઈશ્વરે તે લોકોને રાત્રે અગ્નિસ્થંભ અને દિવસે મેઘસ્થંભ દ્વારા દોરવણી આપી.



પણ હજુ ફારૂને ઈસ્રાએલીઓ
સાથે પોતાનું કામ પતાવ્યું ન
હતું. ફરીથી તે ઈશ્વરને ભૂલી
ગયો. ફરી તેણે તેનું મન
ફેરવી લીધું. પોતાનું સૈન્ય
એકઠું કરીને તે આ ગુલામોની
પાછળ પડ્યો. થોડા સમયમાં
તેણે તેમને પહાડની તરાઈ
અને સમુદ્રની વચ્ચે
સાંકડી લીધા.



“ઈશ્વર યહોવા તમારે માટે લડાઈ કરશે.” મુસાએ કહ્યું, મુસા પાણીની ધાર પર ગયો અને તેણે તેનો હાથ ઊંચો કર્યો.



ત્યાં એક અદ્ભૂત
ચમત્કાર સર્જાયો. ઈશ્વરે
પાણીની વચ્ચેથી માર્ગ
કાઢ્યો. બધા લોકો
તેમાં થઈને પાર
નીકળી ગયા.

ત્યારબાદ ફારૂનનું સૈન્ય પણ તે જગ્યાએ થઈ સમુદ્ર પાર કરવા મંડ્યું. પણ ઈશ્વરે પાણીને સમાવીને એક કરી લીધા. મિસરનું તાકાતવાન સૈન્ય પાણીની અંદર ડૂબી મર્યું. તેથી ફારૂને જાણ્યું કે ઈસ્રાએલને દેવ યહોવા સર્વનો પ્રભુ છે.



આવજો ફારુન રાજા

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

નિર્ગમન ૪-૧૫

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬